1. જે ટેકનોલોજીનું મુલ્યાંકન કરવાનું છે તેનું વિવરણ

   ભુગર્ભ સુધરાઇ પધ્ધતિ (ભુગર્ભ ગટર વ્યવસ્થા)

2. ટેકનોલોજીનું જ્યાં મુલ્યાંકન કાર્ય હાથ ધરવામાં આવેલ છે તે વિસ્તાર

   વિકાલિયા ગામ, (તાલુકો – ગધારા, જિલ્લો – ભાવનગર)

3. કેટલીક વ્યક્તિઓ પર ટેકનોલોજીનો સર્વે હાથ ધરવામાં આવેલ છે તેની સંખ્યા – લગભગ 5000 (500 જેટલા કુટુંબોના સર્વે)

4. આ વ્યવસ્થા ક્યારથી કાર્યરત છે – 1989 થી

5. આ ટેકનોલોજીની ડિઝાઇન કે આયોજન કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યું તથા તેનું બાંધકામ અમલીકરણ તથા રૂપરેખા કોણે તૈયાર કરે છે.

   1. શ્રી જીવરાજભાઇ માધવભાઇ સિંધાલા
   2. શ્રી મોહનભાઇ યાદવભાઇ સિંધાલા, તથા
   3. શ્રી કાનજીભાઇ મેરામભાઇ ડેટ

6. હાલમાં ટેકનોલોજીનું સંચાલન કોના હસ્તક છે ગ્રામ વિકાસ સમિતિ

7. આ ટેકનોલોજીના અમલીકરણ દ્વારા કોઇ ચોક્કસ પ્રકારના માપદંડો કે ધોરણો ઉભા કરવાનો આશય છે હા હોય તો જણાવો

   - સુધરાઇ વ્યવસ્થા

8. આ ટેકનીકલ કાર્ય અંગેના તથા દૈનિક સારસંભાળ અંગેના ડેટ માહિતી ઉપલબ્ધ છે ખરી ? ગ્રામ વિકાસ સમિતિ દ્વારા આ ડેટાનું સંકલ કરી માહિતીની નોંધ રાખવામાં આવે છે.

9. વિકાસ કાર્ય કરવા માટે પસંદ કરાયેલ આ ટેકનોલોજીનો ઉદભવ તથા વિકાસ અંગે ટુંકમાં જણાવો. વિકાલિયા ગામ એ ભાવનગરથી લગભગ 70 કીમી દૂર, ગધારા તાલુકા (ગુજરાત) માં આવેલ છે. આ ગામની વસ્તી 5000 જેટલી છે અને આ ગામને, નિર્મળ ગ્રામ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે. આ ગામમાં જ્ઞાતિ પ્રમાણો મુખ્ય વસ્તી પટેલોની છે જેમાં 75% જેટલા ઘરી પટેલ સમુદાયના કે ત્યારબાદ 17% કોળી પટેલ, 6% હરિજન, 2% રબારી, 1% વાણિયા, 2% બ્રાહ્મણ વગેરેની વસ્તી છે આ ઉપરાંત 1% જેટલી મુસ્લિમ, મોચી, વાણિયા તથા ભંગી કોમની વસ્તી પણછે. આ વિસ્તારમાં

કેટલાક હીરાનાકારણાના લેવાની સાથે અહીંની મુખ્ય પ્રવૃત્તિ એ કૃષિ અને ખેતીવાડી છે અને આ વિસ્તારમાં કાળી જમીન છે જે કપાસના પાક માટે ખુબ જ અનુકુળ છે જેથી 80% ખેતી બીટી કપાસની થાય છે. ઉપરાંત, મગફળી, ઘઉં તથા તલ, બાજરી જેવા પાક પણ લેવામાં આવે છે. અહીંના હીરા ઘસવાના કારખાના મુખ્યત્વેમાં પટેલ સમુદાયની માલિકીના છે. આ હીરાના કારખાના એ સ્થાનિક સ્ત્રીઓ માટે ઘણી જ મહત્વના ધરાવે છે. કારણકે ગામની સ્ત્રીઓ, આ કારખાનામાં હીરા ઘસવાના તથા કાપવાના કામમાં તેમના કૌશલ્ય પ્રમાણે 5000 કે તેથી વધુ માસિક આવક મેળવે છે. આથી સ્ત્રીઓને રોજીરોટી કમાવવા દુર સુધી જવું પડતું નથી આથી આ વિસ્તારમાં સ્ત્રીઓ માટે આર્થિક સ્વાતંત્ર પુરુ પાડવી વ્યાપક તક રહેલી છે.

આ વિસ્તાર પથરાળ છે અને જમીનમાં એક થી દોઢ ફુટ થી ખડક વાળો ભાગ શરુ થઇ જાય છે તેના કારણે પાણી ભરાઇ જવાની સમસ્યા રહેલી છે અને તેથી ગંદા પાણીના નિકાલ માટે એક પ્રશ્ન ઉભો થાય છે. આ ગંદા પાણી શેરીમાં નીચાણવાળા ભાગમાં ભરાઇ જવાના કારણે, ગામમાં હેમેશા કાદવ તથા ગંદકી જોવા મળતી આથી આ દૈનિક સમસ્યાનો કોઇ ઉકેલ વિચારવા અંગે ગ્રામજનો એકત્ર થાય અને આ અભિયાનમાં શ્રી જીવરાજભાઇ માધવભાઇ સિંધાલા, શ્રી મોહનભાઇ યાદવભાઇ સિંધાલા, શ્રી કાનજીભાઇ મેરામભાઇ ડેર વગેરે એકઠા થઇ 1989 ના વર્ષમાં ગામમાંથી ગંદકી હટાવવા, ગ્રામજનો ના સમર્થન માટે પ્રયાસ ચાલુ કર્યા અને આજથી 20 વર્ષ પહેલાં, ગુજરાતમાં ગ્રામીણ, વિસ્તારોમાં ગંદા પાણીના નિકાલ માટે કોઇ ભુગર્ભ – ગટર વ્યવસ્થા હોઇ શકે તેવું જલદીથી વિચારી શકાતું નથી તે સમયમાં આ ત્રણ કાર્યકર્તાઓ એ ગામડાની પ્રજાને ભુગર્ભ ગટર વ્યવસ્થા અંતે વિચારવા તથા સહમત થવા તૈયાર કર્યા. અને તમામ ગ્રામજનો તેમની સાથે જોડાયા અને પ્રત્યેક ઘર દીઠ રૂ. 1250 જેટલો ફાળો થવા એકત્ર કર્યા.

અને છેક 1989 ના વર્ષમાં શરુ કરેલ આ ભુગર્ભ ગટર વ્યવસ્થા આજદિન સુધી કાર્યરત છે અને તેમાં એક પણ વાર પાણી ભરાઇ જવાનો પ્રશ્ન ઉભો થયો નથી. આ પધ્ધતિમાં ત્રણ સ્થળે, ગંદા પાણીના નિકાલ માટે વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. અહીં વિવિધ એક પોઇન્ટ તથા ચેમ્બર તૈયાર કરેલ છે જેમાં પ્રત્યેક ધરમાંથી ગંદુ પાણી વહીને શેરીમાં જતી પાઇપમાં જાય છે અને આ શેરીની પાઇપ છે એ મુખ્યત્વે પાઇપ સાથે જોડાય છે અને તેના ત્રણેક જેટલા ચેક પોઇન્ટ ગોઠવવાથી ક્યારેય પાણી ભરાઇ જવાનો પ્રશ્ન ઉભો થયો નથી. આ પાઇપને, કુદરતી ઢોળાવ પ્રમાણે રાખવામાં આવેલ છે અને 400 જેટલા ઘરોમાં પાઇપ થી જોડાઇ કરવાનું કાર્ય એ એક રેકોર્ડ સમાન માત્ર 10 દિવસમાં જ પુરુ કરવામાં આવેલ છે. આ ગામમાં ગંદા પાણીના નિકાલ માટે ત્રણ મુખ્ય પાઇપ છે જેમાં એક જુના ગામમાં (બ્લોક-એ), બીજી પાઇપ પટેલ વિસ્તારમાં (બ્લોક-બી), અને અમેઠિ ખાતે (બ્લોક સી તથી ડી) તથા ત્રીજી પાઇપ દ્વારા હરિજન વિસ્તાર (બ્લોક-ઇ) ખાતે પાણીનો નિકાસ કરવામાં આવે છે.

અગાઉ ગામમાંથી ગંદા પાણીનો નિકાલ એ ગામની બહાર કરવામાં આવતો હતો જ્યાંથી હરિજન વાસનો રહેણાંક વિસ્તાર નજીક હતો આથી, આ વિસ્તારમાં ગંદકી, વાસ તથા કીચડ હંમેશા રહેતો તેથી હરિજન વાસના લોકોએ ભેગા થઇ પૈસા ઉઘરાવી આ પાઇપને તેમના વિસ્તારથી 200 મીટર દુર સુધી લંબાવી દીધા. અને હાલમાં ગંદુ પાણી ગામમાં ગામની મધ્યમાંથી વહેતી નથી, કે જેમાં માત્ર ચોમાસાની ઋતુ દરમિયાન જ પાણી ભરાય છે. તેમાં ઠાલવવામાં આવતું.

આ કેસમાં તમામ ગ્રામવાસીઓનું સમર્થન અને સહકાર મુખ્ય છે. તથા મોટા ભાગના વિકાસલક્ષી કાર્યક્રમે કે પ્રવૃત્તિઓ તથા મોટા ભાગના વિકાસલક્ષી કાર્યકરો કે પ્રવૃત્તિઓમાં સ્થાનિક લોકોને સહકાર મહત્વનો છે. સહકાર ઉભો થયા બાદ લોકો કોઇ પ્રોજેક્ટ તૈયાર કરે અન તેના અમલીકરણ અંગે તથા અમલીકરણ સમયે તેઓ NGO અથવા સરકારી

સહાય માટેનો વિકલ્પ વિચારે છે અને આ સહાયતા બાદ પ્રોજેક્ટ કાર્યનો પ્રારંભ થાય છે, તે એક આવકારદાયક પગલું છે.

અહીં સ્થાનિક સમુદાય દ્વારા જાતે જ આવી જરૂરીયાત અંગે રજુઆત કરવામાં આવી અન્યથા નાના અને ગ્રામીણ પ્રોજેક્ટો માં સરકાર કે NGO દ્વારા કોઇ પ્રોજેકટ મૂકવામાં આવે અને સ્થાનિક સમુદાય તે અંગે વિચાર્યા બાદ અમલ કરે અથવા ન સ્વીકારે તેવું બને છે. વિકાલીયા ગામના ગ્રામજનોના સહકાર એક નમૂનારુપ બની ગયેલ છે એટલું જ નહીં પરંતુ આ અભિયાનમાં ગ્રામજનો એ ગામના પ્રત્યેક ઘરોની રુબરુ મુલાકાત લીધી અને આયોજન અંગે સમર્થન મેળવવા તેમણે સમજાવ્યા આ પગલાથી લોકોમાં સહકાર અને ભાગીદારી માટે એક સામાજીક દબાણ પણ લાવી શક્યા. અને હાલમાં આ ગટર વ્યવસ્થાથી ગામના 500 ઘરો જોડાયેલ છે અને કોઇ અડચણ વિના તે કાર્યરત છે.

આ ગટર વ્યવસ્થા માટે ગ્રામજનોમાં જે સહકાર સમર્થન અને જુસ્સો પેદા થયો તેના કારણે તેઓ નવીન અન્ય પ્રોજેક્ટો અંગે પણ વિચારત થયા અને તેઓ ચેકડેમ બાંધવા તરફ આગળ વધ્યા.

ગામમાં ચેકડેમ બાંધ્યા બાદ, આ વિસ્તારમાં સમૃધ્ધિ અને રોનક વધી ગઇ અને તેથી બીટી કપાસનું વાવેતર પણ શક્ય બન્યું. અને આ સહકારમાં ગ્રામના હરિજન લોકો પણ જોડાયા કે જેઓ મુખ્યત્વે, બાંધકામના કાર્યમાં અથવા ખેતમજૂરના વ્યવસાયમાં જોડાયેલ છે. તેમના જ શબ્દોમાં જો ખેડૂતોને ફસલ સારી થાય તો આપણને પણ ધંધો સારો મળી રહે છે.

અહીં રસપ્રદ બાબત એ છે કે હરિજન સમુદાયના લોકોએ આ પ્રોજેક્ટનું સમર્થન કર્યું તેટલું જ નહીં પરંતુ તેઓએ નિશુલ્ક બાંધકામ કાર્ય્ પણ કરી આપ્યું અને ફાળો એકત્ર કરી આર્થિક યોગદાન પણ પુરુ પાડેલ છે અને આ હરિજનવાસમાં, ચેકડેમના બાંધકામ પહેલાથી જ ઘેર પીવાના પાણીના નળ

ઉપલબ્ધ છે. આથી આ સેવાકાર્યમાં સહકાર આપવા બદલ તેમનો કોઇ અંગત સ્વાર્થ નથી.

ગ્રામજનો જણાવે છે કે ક્યારેક ગામમાં કોઇ વ્યક્તિ દ્વારા અસહકાર કે સમર્થન ન મળે તો, ગ્રામજનો તેમના ઘેર એકત્ર થઇ અને વાર્તાલાપ ગોઠવે છે. તેના કારણે વિરોધ કરનાર વ્યક્તિ પર સામાજીક દબાણ લાવી શકાય અને કાર્યના સાથ સહકાર ન આપવા બદલ તે શરમ પણ અનુભવે. આથી સામાજીક દબાણને વશ થઇને પણ ગામમાં એક સહકાર ઉભો કરવામાં આવ્યે કે જેથી સમાજ સેવાના આશયથી શરુ થયેલ કાર્યમાં કોઇ અંગત સ્વાર્થ કે પસંદગીના કારણે અડચણ ઉભી ન થાય.

આ ચેકડેમ બાંધકામના ભવ્ય અભિયાનની નેવેગવાન બનાવવી અનેક વ્યક્તિઓના નોંધપાત્ર યોગદાન રહેલા છે. જેમાં એક વ્યક્તિએ તેના મા-બાપ નીઅંતિમ ક્રિયા માટે જમા રાખેલ બચત ચેકડેમ બાંધકામાં ફંડમાં આપવાની જાહેરાત કરી ત્યારબાદ અન્ય લોકો પણ તેવા જ જુસ્સાથી આગળ આવ્યા.  આ અભિયાનમાં શ્રી દૂધી બેહનનું ઉદાહરણ પણ આદર્શ છે. તેઓ 23 વર્ષની વિધવા સ્ત્રી છે. કે પોતાના પતિના મૃત્યુ બાદ પોતાના ભાઇના પરિવાર સાથે રહે છે. આખી જીંદગીની મજુરી કામ થી રળેલી મુડી તેમણે ચેકડેમના બાંધકામ માટે દાનમાં આપી દીધી તેઓએ 61,000 જેટલી બચતનું દાન કર્યું. અને આ ડેમના નિર્માણના કામમાં ગ્રામજનોએ પોતાનાથી બનતો તમામ સહકાર આપ્યો. પ્રારંભમાં દૂધી બહીને 10,000 આપવાનો નિશ્ચય કર્યા પરંતુ દાનનો ચેક આપતી વખતે તેમને, પોતાના જીવનભરની બચત એક ઉમંદા કામમાં આપી દેવાની લાગણી જન્મી, તેઓ ત્યારબાદ 65 વર્ષની વયે, દાન કર્યાના બે માસમાં અવસાન પામ્યા. પરંતુ પોતાના જીવનભરની મુડી એ તમામ ગ્રામજનોને આપતા ગયા તેમની યાદમાં અન તેમના શ્રેષ્ઠ બલિદાનની કદર કરવા માટે ગામમાં ડેમ નિર્માણના સરોવરને દુધી સરોવર એવું નામ આપવામાં આવ્યુ કે જેથી ગ્રામજનો તેમના બલિદાનને હંમેશા સ્મરણમાં રાખે.

અન્ય ઉદાહરણરુપ કિસ્સો શ્રી અંબાબેનનો છે કે જેમણે પોતાની અંતિમ ક્રિયામાં કોઇ પુત્ર ન હોવાના કારણે જે બચત રાખી હતી તે તમામ મૂડી તેમણે ડેમ નિર્માણ કાર્ય માટે દાનમાં આપી દીધી અને તેમણે 1,000,11 રુનું અનુદાન કર્યું ગામનો પ્રથમ ડેમને તેમનું નામ આપવામાં આવ્યું.

હાલમાં ગામમાં કુલ 12 ચેકડેમ છે જે પૈકીના કેટલાક ડેમનું નિર્માણ સૌરાષ્ટ જલ ધારો, દ્વારા કરવામાં આવ્યું છે.

ચેકડેમનું બાંધકામ જમીનમાં પાણીની ઉંડાઇને મળીને કરવામાં આવે છે પાણીની ઉંડાઇને હળવા માટે તેઓ પરંપરાગત પધ્ધતિ ઉપયોગ કરે છે. તેમાં એક પધ્ધતિ પ્રમાણે, કોઇ ચોક્કસ રકમ (કુલ) ધરાવતી વ્યક્તિના હાથમાં નાળિયેર રાખવામાં આવે છે અને જો તેના હાથમાં નાળિયેર આડું રહે તો જમીનમાં ભુગર્ભજળ છે તેવું માની લેવાય છે. ગામડાઓમાં બોર કે કુવાના ખોદકામ માટે પાણીની સ્થિતિનો અંદાજ લગાવવા માટે આ પધ્ધતિ વપરાય છે. ઉપરાંત ગ્રામજનો એ જમીનના પ્રકાર તથા પથ્થરોની ગોઠવાતી અંગે, કાળી માટીમાં પથ્થરોના પ્રમાણ અંગે અભ્યાસ પણ હાથ ધર્યો અને ચેકડેમનું સ્થળ નક્કી કરવા પહેલા ત્રણ માપદંડોથી તે સ્થળની તપાસ થતી.

- ઓછામાં ઓછી ઉંચાઇ અને મહત્તમ પાણી
- ચારે બાજુએથી જમીનની મજબુતાઇ
- પથરાળ ભૂમિ કે પાયો

આ ચેકડેમો ચોસામાના વરસાદી પાણીથી ભરાઇ જાય છે અને તેમાં 6 માસ સુધી પાણી રહે છે અને જ્યારે તેમાં પાણી સુકાઇ જાય ત્યારે તળાવમાં રહેતી માટી એ કાંપ તાકિદે ખેતીમાં ખાતર તરીકે વાળી શકાય છે.

ચેકડેમના બાંધકામનો સૌથી મોટો ફાયદો એ છે કે તેનાથી ભુગર્ભજળની સપાટી ઉંચી આવી છે. અને ગ્રામજનો પાસેથી જાણ્યા પ્રમાણે ચેકડેમના બાંધકામ પહેલા ગામના બોરમાં 500 ફુટ સુધી પાણી મળતું નથી.

ગામમાં ચેકડેમનો ઉપયોગ કરવા માટે કેટલાક નિયમો રાખવામાં આવ્યા છે. તેમાં ગામમાં કોઇએ પણ 200 ફુટથી ઉંડો બોર કે કુવો ખોદવો નથી. આ નિર્ણય લેવા પાછળનું કારણ એ છે કે ગામામં એકવાર તમામ, ચેકડેમમાંથી પાણી ખાલી થઇ ગયું અને તેની તપાસ કરતી જાણવા મળ્યું કે કેટલાક લોકોએ 500 ફુટથી વધુ ઉંડાઇના બોર ખોદવા હોવાના કારણે, ડેમમાંથી સીધા જ પંપ મુકીને પાણી ખેંચી શકે નહીં તેવા નિયમ બનાવવામાં આવ્યો.

ઉપરાંત આ ચેકડેમની સાફસફાઇ તથા જાળવણી માટે સૌરાષ્ટ્ર જલ ધારા, દ્વારા સાધનો પુરા પાડવામાં આવ્યા કે જે પંચાયત પાસે રહેશે તથા તેનો ઉપયોગ ચેકડેમની સફાઇ અને મરામત માટે કરવામાં આવશે. ભાવિ આયોજન ગ્રામજનો હવે, એક ગંદા પાણીના સંગ્રહ માટે ચેકડેમ બાંધવા વિચારી રહ્યા છે અને આ ડેમમાં જળશુધ્ધીકરણ ટેકનોલોજી ગોઠવી શુધ્ધિ કરવામાં આવેલ પાણી એ ફરીથી ખેતીવાડી માટે ઉપયોગમાં લઇ શકાય.

## તબક્કો-2

## મુલ્યાંક

મુલાકાતની તારીખ – સપ્ટેમ્બર 26 થી 29, વર્ષ – 2008

મુલાકાત લેનાર નિષ્ણાતનું નામ – ડો. સુબુધકુમાર બિશ્નોઇ

જે લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવે છે તે સિધ્ધ થાય છે કે નહીં તે અંગે પ્રાથમિક તપાસ.

| નિર્ધારિત ફાયદાઓ | સૂચકાંક | માપનની પધ્ધતિ |
|---|---|---|
| સુધરાઇ વ્યવસ્થા | ગામની શેરીઓમાં સ્વચ્છતાની જાળવણી | |
| પાણીજન્ય રોગોનું નિયંત્રણ | મેલેરિયા તથા ચિકનગુનિયા જેવા કેસોમાં ઘટાડો | |

| નિર્ધારિત ફાયદાઓ | સૂચકાંક | માપનની પધ્ધતિ |
|---|---|---|
| પારિવારિક સ્વાસ્થ્યમાં સુધારો | ગામની શેરીઓમાં પાણી ભરાઇ જવાની સ્થિતિ ન ઉભી થવાથી પાણીજન્ય રોગોમાં ઘટાડો | |
| ગ્રામજનો વચ્ચે વારંવાર ઉભી થતી તકરારોમાં ઘટાડો તથા વધુ સુમેળભર્યું વાતાવરણ | | |
| ભુગર્ભજળસ્તર ઉંચુ આવવાના કારણે સ્થાનિક પર્યાવરણમાં ફાયદો | પાણી અંગે યોગ્ય સંચાલન વ્યવસ્થા | |

<u>**તપાસના ફાયદા**</u>

| નિર્ધારિત ફાયદાઓ | સુચકાંક | સિધ્ધ થાય હા/ના | સૂચનો (સૂચકાંકનો ઉપયોગ કરીને સુચનો કરેલ છે) |
|---|---|---|---|
| સુધરાઇ વ્યવસ્થા | | હા | પ્રત્યેક ઘરોમાં સંડાસ બાથરુમની વ્યવસ્થા ઉભી થઇ શકેલ છે. |
| ટેકનીકલ રીતે કાર્ય સંચાલન | હા | | પાઇપમાં ભંગાણ થવાના કેટલાક કિસ્સાઓને બાદ કરતા પાછલા 20 વર્ષથી આ ટેકનોલોજી ખુબ જ સારી રીતે કાર્યરત છે. |
| સ્થાનિક સમુદાય દ્વારા | હા | | ઉપયોગકર્તાઓ એ તેની |

| | | | |
|---|---|---|---|
| સ્વીકૃતિ | | | પધ્ધતિ સાથે જ સંકળાયેલા છે અને તેઓ તેનાથી ખુશ છે. |
| જળ સંગ્રહ | | હા | |
| મચ્છરોની ઉપદ્રવમાં ઘટાડો | | હા | |

**સ્થાનિક લોકોના અભિપ્રાયો / સૂચનો**

| ઉપભોક્તાના સમૂહ | અભિપ્રાય |
|---|---|
| શ્રી મનજીભાઇ નરસિંહભાઇ પટેલ (સરપંચ) | • સંડાસ બાથરુમના બાંધકામ બાદ, ગામમાં ગંદકીના પ્રશ્નમાં રાહત મળેલ છે.<br>• ગામમાં સ્વચ્છતા અને સ્વાસ્થ માટે અમોને રાષ્ટ્રપતિ દ્વારા પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.<br>• સ્વચ્છતાના કારણે હાલમાં ગામમાં ચેપીરોગાના વ્યાપક ફેલાવાની શક્યતા ઘટી ગઇ છે અગાઉ ગંદકીના કારણે રોગચાળો ફેલાવાનો ભય હંમેશા રહેતો<br>• ગામમાં સ્ત્રીઓને, શૌચાલયોના બાંધકામ પહેલા જે સગવડ પડતી તે પણ હવે દુર થઇ ગયેલ છે. |
| શ્રી દીપકભાઇ પંડિત (મકાન નં-25) | • ગામમાં ગટર વ્યવસ્થા હોવાના કારણે ,વર્ષ 2006-07 માં જે ચીકનગુનિયા નામનો રોગચાળો ફેલાયો તો તેમાં ગામમાં માત્ર 5% લોકો અસરગ્રસ્ત થયા હતા જ્યારે આસપાસના ગામોમાં 95% ઘરોમાં રોગચાળો નોંધાયો હતો.<br>• ગટરનું પાણી નદીમાં વહાવી દેવામાં આવે છે અને આ પાણી સાથે જળશુધ્ધિકરણ પ્રક્રિયા થઇ તેનો ફરીથી ખેતીવાડીના કામમાં ઉપયોગ કરી શકાય છે. આ ગંદુ પાણી નદીમાં ઠાલવવામાં ન આવે તેવી વ્યવસ્થા ઉભી કરવા માટે તેના ટેકનીકલ અને નાણાંકીય આયોજન માટે અમારે અન્ય સહકારની આવશ્યકતા છે. આ કુલ ખર્ચની 10% રકમ ગ્રામજનો ભોગવવા તૈયાર છે. |

| | |
|---|---|
| | • ગામમાં આધુનિક સગવડો ઉભી કરવા માટે હજુ કેટલીક સવલતો વિકસાવવાની જરૂર છે જેમાં રસ્તાનું બાંધકામ, આરોગ્ય તેમજ શૈક્ષણિક સંકુલનું બાંધકામ વગેરે. |
| શ્રી મોહનભાઇ મકવાણા (60 વર્ષ) | ગામમાં શેરીઓમાં ગંદુ પાણી ઠાલવવાના કારણે ઉભા થતા મેલેરિયા જેવા રોગોના પ્રમાણમાં ઘટાડો નોંધાયેલ છે. |
| શ્રી અમરસિંહભાઇ કાનજીભાઇ (50 વર્ષ – અમેઠિ વિસ્તાર) | • ગટર વ્યવસ્થા શરુ કર્યા પહેલાં ગામમાં સ્ત્રીઓને ઘણે દુર સુધી જવું પડતુ વળી ગંદકીનું પ્રમાણ પણ વધું રહેતું.<br>• પરંતુ ગટર વ્યવસ્થાના જોડાણ બાદ હવે અમારી હાડમારી દુર થઇ ગયેલ છે. તથા સ્વચ્છતા પણ જાળવી શકાય છે. |
| શ્રી વિશરામભાઇ દિવાનીયા (47 વર્ષ) હરિજન વિસ્તાર | અગાઉ ગટર લાઇન નંખાયા પહેલાં અમારા ગામમાં અનેક સમસ્યાઓ હતી. પરંતુ હાલમાં સ્વચ્છતાના કારણે, ગંદા પાણી અને કચરાને કારણે ઉબા થતા ચેપી રોગોમાં પણ ઘટાડો થયો છે. |
| વિધરામભાઇ દયારામભાઇ (અમેઠી વિસ્તાર) | ગટર વ્યવસ્થાના ફાયદાઓમાં<br>• સ્વચ્છતાની જાળવણી થઇ શકે છે.<br>• ગંદો કચરો જમા થવાની સ્થિતિથી છુટકારો<br>• મચ્છરોથી ફેલાત રોગોમાં ઘટાડો તથા ચિકનગુનિયા જેવા રોગોની શક્યતામાં પણ ઘટાડો<br>• શૌચાલયોના બાંધકામથી સ્ત્રીઓની હાડમારીમાં રાહત મળેલ છે. |
| શ્રી ધરુભાઇ હરિભાઇ રામેડિયા – ઉપસરપંચ (45 વર્ષ) | • અગાઉ અમારા ગામમાં કચરાના ઢગલા થઇ જતા હતા અને તેના કારણે વ્યાપક રોગચાળો ફેલાવવાની સંભાવના રહેતી.<br>• પરંતુ ગટર તથા શૌચાલયોની સગવડ બાદ, સ્વચ્છતા જાળવી શકાય છે. અને રોગચાળો ફેલાવામાં પણ ઘટાડો થયેલ છે. |

| | |
|---|---|
| | • 2007 માં ફેલાયેલ રોગચાળાની મહામારીમાં વિકાલીયામાં માત્ર બેજ કેસ નોંધાયેલ છે. અને તે પણ તેઓ અન્ય ગામમાં ગયા હોઇ ત્યાંથી રોગના સંસર્ગમાં આવ્યા હતા.<br>• અમારા ગામની વસ્તી 5000 જેટલી હોવા છતાં અમારે ડોક્ટરની આવશ્યકતા નથી અને તેનું એકમાત્ર કારણ ગામની સ્વચ્છતાને ગણી શકાય. |
| શ્રી જીવરાજભાઇ માધાભાઇ | અગાઉ રોજબરોજના જીવનમાં અમારે ઘણી જ સમસ્યા હતી અને અમે કામચલાઉ શૌચાલયનો ઉપયોગ કરતા હતા .આ સમસ્યાએ શૌચાલયના પાકા બાંધકામના કારણે દૂર થયેલ છે. |
| પંડિત વાસુદેવ કનૈયાલાલ (મકાન નં- 141) | • અગાઉ અમારા ગામમાં, ઘરોમાં મેલુ સંગ્રહ કરવાની પધ્ધતિ વપરાશમાં હતી જેના કારણે હંમેશા રોગચાળોનો ભય રહેતો.<br>• ઉપરાંત શૌચક્રિયા માટે ખુલ્લી જગ્યાએ જવાના કારણે ગામની આસપાસના વિસ્તારમાં પણ ગંદકી ફેલાયેલી રહેતી.<br>• હાલમાં યોગ્ય શૌચાલયોના બાંધકામથી અગાઉની તમામ સમસ્યા હલ થઇ ગયેલ છે. |
| શ્રી પરસોત્તમભાઇ હિરાભાઇ | હાલમાં શૌચાલયોના બાંધકામથી ગામમાં રોગચાળાનો ઉપદ્રવ ઘટાડી શશક્યો છે તેમજ સ્વચ્છતા પણ જાળવી શકાય છે. |
| શ્રી રસિકભાઇ નારદભાઇ | • અગાઉ અમારા ગામની શેરીએમાં ઉકરડા અને ગંદકી ઠેરઠેર જોવા મળતી હતી, અમારે, શૌચક્રિયા માટે, દુર સુધી ખુલ્લી જગ્યામાં જવું પજતું અને ઘરમાં પોતાની મેળે સંડાસ બાથરુમ બાંધવા હોય તો એક અલગ ખાળકુવો બાંધવો પડતો જે પ્રત્યેક વ્યક્તિ માટે આર્થિક રીતે પોષાઇ શકે નહીં. લગભગ 20 વર્ષ પહેલાં અમારા |

| | |
|---|---|
| | ગામની આ પરિસ્થિતિ હતી.<br>• આખરે આ પ્રશ્નના નિરાકરણ માટે, સમગ્ર ગ્રામજનો એકત્ર થયા અને એક ઉકેલ લાવવા સહમત થયા અને એવું નક્કી કરવામાં આવ્યું કે ગટરની પાઇપલાઇનો નંખાઇ ગયા બાદ પ્રત્યેર ઘરમાં શૌચાલયોનું બાંધકામ કરવામાં આવે જેથી પ્રત્યેક વ્યક્તિ માટે ખર્ચ પણ ઘટી જાય અને આ સમસ્યાનું નિરાકરણ પણ મળી રહે. અને પ્રત્યેક ઘરદીઠ 12001 રુ નો ફાળો જમા કરાવવાનો આવ્યો પરંતુ હાલમાં તમામ ઘરોમાં સવલતો ઉભી થઇ ગઇ અને ગામમાંથી ગંદકી અને કચરાના ઢગલા પણ દુર થઇ ગયા. આ તમામ સફળતા ગ્રામજનોની સહકારના કારણે શક્ય બનેલ છે. |
| શ્રી પરજીભાઇ વેલજીભાઇ (મકાન નં – 102) | સમગ્ર ગામમાં હવે સ્વચ્છતા જાળવી શકાય છે. ગટરલાઇનો નંખાતા ગંદકી દુર થઇ ગયેલ છે. |
| શ્રી રામજીભાઇ ગોપાલભાઇ | ગામમાં ગટરલાઇન નાખ્યા બાદ સ્વચ્છતા જાળવી શકાય છે અને કચરો અને ગંદકી દુર હટાવી શક્યા છીએ. |
| શ્રી રાવજીભાઇ નરસિંહ સિંઘાલા | ગટર લાઇનના કારણે અમારા ગામની રોનક બદલાઇ ગઇ છે. આથી અમારો હવે શૌચક્રિયા માટે દુર સુધી જવું પડતું નથી અને તેથી સમય પણ બચે છે. |
| શ્રી ભીમજી માડી (મકાન નં. 263) | ગામમાં તમામ ગ્રામજનો શૌચાલયોના બાંધકામથી સંતુષ્ટ છે અને સ્ત્રીઓને પણ અગાઉ પડતી તકલીફોમાં રાહત મળી રહેલ છે. |
| શ્રી બાબરીઆ કલ્યાણ શંભુ | અમે અમારા ગામને માત્ર ગામ તરીકે નહીં પરંતુ શહેરો જેવું સ્વચ્છ અને વ્યવસ્થિત કરવા માંગીએ છે. આ માટે અમે અમારું ગામ સ્વચ્છ ગામ નું સૂત્ર ધ્યાન પર રાખીએ છીએ. |
| શ્રી દેવરાજભાઇ | અમારા એક પ્રોજેક્ટની સફળતા બાદ હવે અમે નવીન |

| | |
|---|---|
| પુરુષોત્તમભાઇ શંભુ (મકાન નં. 75) | પ્રોજેક્ટો હાથ ધરવા માંગીએ છીએ જેમ કે જલશુધ્ધિકરણ, ગંદા પાણી સુધારણાનો પ્લાન્ટ, ખેતીવાડી તથાવૃક્ષારોપણ દ્વારા ગ્રીનહાઉસ અસર જાળવી રાખવા, શુધ્ધ કરેલ પાણીનો ઉપયોગ, પશુઓની યોગ્ય સારસંભાળ, પ્રદુષણ અટકાવવા, ગ્રામજનોમાં જાગૃતિ લાવવા, તથા ગ્રામજનોને અસરકર્તા અન્ય પ્રશ્નો જેવા કે નિરક્ષરતા તથા બેરોજગારી જેવા પ્રશ્નો અંગે આગળ કાર્ય કરવા માંગીએ છીએ. |
| શ્રી તવટીયા ઠાકરભાઇ શંભુ (મકાન નં – 63) | ગટરલાઇન અને શૌચાલયોના બાંધકામ બાદ અમારા ગામમાં સ્વચ્છતા જોવા મળે છે. અગાઉ ગામમાં ઠેર ઠેર ગંદકી, કાદવ તથા પાણી ભરાયેલા રહેતા જેથી મચ્છરોનો ઉપદ્રવ વધુ રહેતો અને હવે આ તમામ સમસ્યા દુર થયેલ છે. |

સ્થાનિક લોકોના અભિપ્રાય/સૂચનો વ્યક્તિગત મુલાકાત તથા સમૂહચર્ચા પર આધારિત વિવરણ

પ્રશ્નો

ઉપયોગકર્તાનું નામ - શ્રી મનજીભાઇ નરસિંહભાઇ પટેલ

સરપંચ - 9428709442

| | |
|---|---|
| પ્ર-1 | આ વ્યવસ્થા સમગ્ર ગ્રામજનો માટે લાભદાયી છે.<br>• શૌચાલયોના બાંધકામથી કચરાના ઢગલા અને ગંદકી દુર થયેલ છે.<br>• તેના કારણે અમારુ ગામ હવે સ્વચ્છ અને આરોગ્યપ્રદ બનેલ છે અને આ અંગે અમોને રાષ્ટ્રપતિ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.<br>• અગાઉ ગંદકીના કારણે ચેપી રોગોના ઉપદ્રવનો ખતરો હંમેશા રહતો પરંતુ હવે સ્વચ્છતાના કારણે, હવે આરોગ્યમાં પણ સુખાકારી પ્રાપ્ત થયેલ છે.<br>• શૌચાલયો ન હોવાના કારણે સ્ત્રીઓને પડતી તકલીફોનો પણ અંત |

| | |
|---|---|
| | આવેલ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | ના |
| પ્ર-5 | લોકો પાસેથી નાણાં કોઇ તકલીફ ઉભી થાય (જેમ કે ગટર લાઇન જામ થઇ જાય) ત્યારે જ ઉઘરાવવામાં આવે છે અને પાછલા વીસ વર્ષોમાં માત્ર એક કે બે વાર આ પ્રમાણે નાણાં ઉઘરાવવાની જરુરીયાત ઉભી થયેલ છે. આથી એક રીતે તો એક નિશુલ્ક વ્યવસ્થા ગણી શકાય. |
| પ્ર-6 | ના |

ઉપભોક્તા – 2 – શ્રી દીપકભાઇ પંડીત (મકાન નં-25)

| | |
|---|---|
| પ્ર-1 | હા અમે તેનાથી ખુશ છીએ. અમારા ગામમાં ગટર વ્યવસ્થા હોવાના કારણે 2006-07 માં ચીકનગુનિયા વખતે અમારા ગામમાં માત્ર 5 ટકા કેસ નોંધાયેલ છે જે આસપાસના ગામોમાં 95 ટકા જેટલો વ્યાપક પ્રમાણ હતું. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | ગંદુ પાણી નદીમાં વહાવી દેવામાં આવે છે અને તેને વોટર ટ્રીટમેન્ટ દ્વારા, શુધ્ધ કરી વૃક્ષારોપણ કે ખેતીવાડી માટે ઉપયોગ કરી શકાય છે. આ ગંદા પાણીને નદી સિવાય અન્ય ઠાલવવા માટે કેટલાક ટેકનીકલ અને નાંણાકીય આયોજનો કરવા પડે જે માટે બહારથી સહાય મળવી જરુરી છે. ગ્રામજનો આ ખર્ચામાં 10 ટકા રકમ ચૂકવવા તૈયાર છે. પરંતુ તેમ છતાં ગામમાં આધુનિક સુવિધાઓ ઉભી કરવા માટે કેટલાક અન્ય કાર્યો જેમ કે પાકા રસ્તાનું બાંધકામ, આરોગ્ય તેમજ શૈક્ષણિક સંકલોના બાંધકામ કરવું જરુરી છે. |
| પ્ર-5 | હા તમામના મને તેની કિંમત વ્યાજબી છે. |

| | |
|---|---|
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 3 શ્રી મોહનભાઇ મકવાણા (60 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | હા આ વ્યવસ્થાના કારણે ગામમાં જીવનધોરણ ઉંચુ આવ્યું છે અને સુરક્ષિત બનેલ છે. ગામમાં ગંદકીના કારણે મેલેરિયા જેવા રોગો ફેલાવવાનું પ્રમાણ પણ ઘટ્યું છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | ના |
| પ્ર-5 | દૈનિક કાર્ય માટે કોઇ રકમ ઉઘરાવવામાં આવતી નથી. |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 4 શ્રી અમરસિંહભાઇ કાનજીભાઇ (50 વર્ષ) અમેલી વિસ્તાર

| | |
|---|---|
| પ્ર-1 | હા, ગ્રામજનોની સામૂહિક ભાગીદારીનું આ સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે.<br>• અગાઉ ગટર લાઇન નાખ્યા પહેલા ગામમાં સ્ત્રીઓએ શૌચક્રીયા માટે ઘણે દુર સુધી જવું પડતું અને ગામમાં પણ ઠેર ઠેર ગંદકી ફેલાયેલી રહેતી.<br>• ગટરલાઇન નંખાઇ ગયા બાર ગામની ઘણીખરી સમસ્યા દુર થઇ ગઇ હવે સ્ત્રીઓને પણ રોજબરોજ હાડમારી કરવી પડતી નથી અને કચરાના ઢગલા તેમજ ગંદકી પણ દુર થયેલ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | જો સરકાર દ્વારા 100% જેટલી સહાયતા કરવામાં આવે તો અમે કેટલાક નવીન પ્રોજેક્ટ કાર્યો હાથ ધરવા માંગીએ છીએ. |
| પ્ર-5 | ઘણા સમય પહેલા કેટલીક રકમ ઉઘરાવવામાં આવી હતી. |
| પ્ર-6 | કોઇ દુરુપયોગ નથી. |

ઉપયોગકર્તા – 5 શ્રી વશરામભાઇ દિવાનીયા (47 વર્ષ) હરિજન વિસ્તાર

| | |
|---|---|
| પ્ર-1 | હા તમામના માટે લાભદાયી આયોજન છે. અગાઉ ગટર લાઇને કે પાણીની લાઇન ન હતી ત્યારે ગામમાં અનેક પ્રશ્નો હતા. હાલમાં ગામમાં સ્વચ્છતાના કારણે, ગંદકી તેમજ પાણી ભરાઇથી થતા રોગચાળાનું પ્રમાણ પણ ઘટી ગયું છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ અભિયાનમાં લોકોને સહકારથી કામ કરી સફળતા મેળવવાની તેમની કામનાનો ખ્યાલ આવે છે અને વધુ સારા પ્રોજેક્ટ હાથ ધરવા પ્રોત્સાહન મળે છે. |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 6 શ્રી વિધરામભાઇ દયારામભાઇ (અમેઠી વિસ્તાર)

| | |
|---|---|
| પ્ર-1 | ગામમાં ગટર વ્યવસ્થા નાંખવાના ઘણા ફાયદાઓ રહેલા છે.<br>• તેનાથી સ્વચ્છતા જાળવી શકાય છે.<br>• ગંદકીના ઢગલા થતા નથી<br>• મચ્છરોના ઉપદ્રવમાં ઘટાડો થવાના કારણે મલેરિયા કે ચીકનગુનિયા જેવા રોગોની શક્યતામાં પણ ઘટાડો થયેલ છે.<br>• શૌચાલયોના બાંધકામથી સ્ત્રીઓને પડતી મુશ્કેલી પણ દુર થયેલ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ સફળતા બાદ લોકોને સામૂહિક કાર્યો માટે પ્રોત્સાહન મળશે અને ગામના શિક્ષણ સાર સુધારવાના પ્રયત્નો માટે સહકાર ઉભો થશે. |
| પ્ર-5 | હા તમામને એક સમાન રીતે આ વ્યવસ્થાનો લાભ મળે છે. |

| | |
|---|---|
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 7 શ્રી ધરુભાઇ હરિભાઇ રામેડિયા – ઉપ-સરપંચ (45 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | હા, આ વ્યવસ્થા પછી સમગ્ર ગામનું ચિત્ર બદલાઇ ગયેલ છે.<br>• શરુઆતમાં અમારા ગામમાં, કચરો તથા ગંદકીના ઢગલા જમા થતા હતા તેના કારણે વ્યાપ રોગચાળો ફેલાવવાની શક્યતા રહેતી.<br>• પરંતુ શૌચાલયોના બાંધકામ અને ગટરલાઇન નંખાવાના કારણે, અમારા ગામમાં ગંદકી દુર થઇ સ્વચ્છ વાતાવરણ નિર્માણ પામ્યું છે અન તેના કારણે રોગોના ઉપદ્રવમાં પણ ઘટાડો થયો છે.<br>• વર્ષ 2007 માં વ્યાપક પ્રમાણમાં આસપાસના ગામોમાં રોગચાળો ફેલાયો હતો પરંતુ અમારા ગામમાં માત્ર બે જ કિસ્સા નોંધાયા હતા અને તેઓ પણ આસપાસના ગામમાં ગયેલ હોઇ ત્યાંથી રોગના સંસર્ગમાં આવ્યા હતા.<br>• અમારા ગામમાં હાલમાં 5000 ની વસ્તી હોવા છતાં ડોક્ટરની આવશ્યકતા નથી તેનું મુખ્ય કારણ સ્વચ્છતા છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ અભિયાનથી લોકોને પ્રેરણા મળ્યું છે અને તેથી, જળશુધ્ધિકરણનો પ્લાન્ટ શરુ કરવા, પ્રોત્સાહન મળે છે અને સમગ્ર ગામમાં આર્થિક સામાજીક અને નૈતિક ધોરણમાં સુધારો થયેલ છે |
| પ્ર-5 | હા તમામના માટે તે વ્યાજબી છે. |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 8 શ્રી જીવરાજભાઇ માધવભાઇ (મકાન નંક 345)

| | |
|---|---|
| પ્ર-1 | અગાઉ અમે અમારા ઘરમાં કામચલાઉ શૌચાલયો બાંધ્યા હતા. પરંતુ |

| | |
|---|---|
| | હાલમાં પાકા અને કાયમી ગટર વ્યવસ્થા ધરાવતા શૌચાલયોના બાંધકામના કારણે અમારા પ્રશ્નોનું નિરાકરણ થયેલ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | જળશુધ્ધિકરણનો ટ્રીટમેન્ટ પ્લાન તાત્કાલિક ધોરણે નાખી શકાય તે માટે અમારા પ્રયાસો ચાલુ છે. |
| પ્ર-5 | હવે કોઇ નાણાં ઉઘરાવવામાં આવતા નથી. |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 9 શ્રી પંડિત વાસુદેવ કનૈયાલાલ

| | |
|---|---|
| પ્ર-1 | અમે આ અભિયાનના કારણે જ નિર્મલ ગ્રામ પુરસ્કાર, પ્રાપ્ત કરેલ છે. અગાઉ અમારા ગામમાં ઠેર ઠેર ગંદકી અને કચરાના ઢગલા જોવા મળતા તેના કારણે રોગચાળાનું પ્રમાણ પણ વધારે રહેતું વળી અમારે શૌચક્રિયા માટે બહાર ખુલ્લા મેદાનમાં જવું પડતું. પરંતુ, હવે પાક્કા ગટરલાઇનવાળા શૌચાલયોના બાંધકામ બાદ તમામ સમસ્યા હલ થઇ ગઇ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના, પરંતુ આ વર્ષ અન્ય સ્થળે પણ અપનાવવું જોઇએ. |
| પ્ર-4 | આ એક અભિયાનની સફળતા બાદ હવે ગામમાં અન્ય પ્રોજેક્ટો જેવા કે, કૃષિ વપરાશનું જળ, શૈક્ષણિક, આરોગ્ય વિષયક મુદાઓ હાથ ધરવા જોઇએ. |
| પ્ર-5 | હા આ અંગે માત્ર શરુઆતમાં પૈસા ઉઘરાવવામાં આવ્યા હતા. |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 10 શ્રી પરષોત્તમભાઇ હીરાભાઇ (મકાન નં – 99)

| | |
|---|---|
| પ્ર-1 | અમારુ ગામ હવેથી વધુ સ્વચ્છ અને આરોગ્યપ્રદ બની રહેલ છે. |

| | |
|---|---|
| | શૌચાલયોના બાંધકામબાદ ગામમાં રોગચાળો ફેલાવવાનો પ્રમાણમાં પણ ઘટાડો થયેલ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ અભિયાનની સફળતા બાદ જળશુધ્ધિકરણ કે વોટર ટ્રીટમેન્ટ જેવા કોઇ કાર્ય હાથ ધરવામાં આવે તો વિકાસની કાર્યક્રમને વેગ મળશે. |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 11 શ્રી રસિકભાઇ નારદભાઇ (મકાન નં. 245)

| | |
|---|---|
| પ્ર-1 | અગાઉ અમારા ગામની શેરીઓમાં ઠેર ઠેર ગંદકી અને ઉકરડા જોવા મળતા હતા અને અમારે શૌચક્રિયા માટે દુર સુધી જવું પડતું હતું અને ઘરમાં શૌચાલય બાધવા માટે અલગ ખાળકુવો બાંધવો પડતો જે ખુબ જ ખર્ચાળ બની રહેતું. અમારા ગામમાં 20 વર્ષ પહેલા આવી હાડમારીભર્યું જીવન હતું હવે શૌચાલયોના બાંધકામથી ગંદકીનું પ્રમાણ સાવ ઘટી ગયું છે અને આ સિધ્ધ અમારા ગ્રામજનોના સંયુક્ત પ્રયાસોને આભારી છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના, આ આયોજનથી સૌને ફાયદો થાય છે. |
| પ્ર-4 | ના |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 12 શ્રી પરમજીભાઇ વેલજીભાઇ (મકાન નં. 172)

| | |
|---|---|
| પ્ર-1 | હા હવે ગામમાં સ્વચ્છતા જાળવી શકાય છે અને યોગ્ય ગટર વ્યવસ્થાના કારણે ગંદકી દુર થઇ છે. |
| પ્ર-2 | હા |

| | |
|---|---|
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ સિધ્ધીના કારણે લોકોને એકતા અને પરિવર્તનનું મહ્ત્વ સમજાયું છે. અને હ્વે અમે સમગ્ર ગામની સિકલ બદલવા કટિબધ્ધ છીએ. |
| પ્ર-5 | હ્રા |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 13 શ્રી રામજીભાઇ ગોપાલભાઇ (મકાન નં. 322)

| | |
|---|---|
| પ્ર-1 | હ્રા, ગટર લાઇનના કારણે અમારા ગામમાં સ્વચ્છતા જાળવી શકાય છે. અને હ્વે ગામમાં ઠેર ઠેર કચરાના ઢગલા જોવા મળતા નથી. |
| પ્ર-2 | હ્રા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | ના |
| પ્ર-5 | હ્રા |
| પ્ર-6 | કોઇ માહ્તિી નથી |

ઉપયોગકર્તા – 14 શ્રી રાવજીભાઇ નરસિંહ્ સિંઘાલા (મકાન નં. 26)

| | |
|---|---|
| પ્ર-1 | ગટર લાઇનની સવલત બાદ અમારા ગામની રોનક વધી ગઇ છે. હ્વે અમારે શૌચક્રિયા માટે દુર સુધી જવું પડતું નથી અને સમયની પણ બચત થાય છે. |
| પ્ર-2 | હ્રા અને હું સમગ્ર ભારતના ગામડાઓમાં આવી વ્યવસ્થા ઉભી કરવા સૂચવું છુ. |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | ના |
| પ્ર-5 | હ્રા પરંતુ હ્રાલમાં આ આયોજન બદલ કોઇ રકમ માસિક ધોરણે ઉઘરાવવામાં આવતી નથી. |
| પ્ર-6 | કોઇ માહ્તિી નથી |

ઉપયોગકર્તા – 15 શ્રી ભીમજી માડા

| | |
|---|---|
| પ્ર-1 | હા અમારા ગામમાં શૌચાલયોના બાંધકામથી તમામ ગ્રામજનો ખુશ છે. અને હવે સ્ત્રીઓ ને પણ, શૌચક્રિયા માટે દુર સુધી જવાની તકલીફ વેઠવી પડતી નથી. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | ના |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 16 શ્રી બાબરીયા કલ્યાણ શંભુ (મકાન નં. 97)

| | |
|---|---|
| પ્ર-1 | હા અને અમારા ગામડાની ગામડાની સીમાથી અલગ શહેર જેવું સ્વચ્છ બનાવવા ઇચ્છીએ છીએ અમારુ સુત્ર છે. અમારુ ગામ સ્વચ્છ ગામ |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | તમામ ગ્રામજનોમાં સંપ ઉભો થઇ સહમતિ સ્થપાઇ અને પોતાનો હિસ્સો આપવા તૈયાર થયા એ એક આશીર્વાદ સમાન છે. |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | કોઇ માહિતી નથી |

ઉપયોગકર્તા – 17 શ્રી દેવરાજભાઇ પુરુષોત્તમભાઇ (મકાન નં. 75)

| | |
|---|---|
| પ્ર-1 | હા અમે અશક્ય લાગતું કાર્ય કરી બતાવ્યું છે. આ આયોજનથી અમારા ગામના જીવનધોરણમાં સુધારો થયો છે. તેટલું જ નહીં પરંતુ ગામની અન્ય સમસ્યા માટે સહકારી ધોરણે કામ પાર પાડવા |

| | |
|---|---|
| | ગ્રામજનોમાં જાગૃતિ અને સહમતિ ઉભી થઇ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ અભિયાનની સફળતા બાદ અમે કેટલાક નવીન આયોજનો હાથ પર લેવામાં આવે તેવી ઇચ્છા રાખીએ છીએ જેમ કે જલશુધ્ધીકરણ, વોટર ટ્રીટમેન્ટ દ્વારા કૃષિ વપરાશનાં પાણીનું સંચાલન કરવું, ઉપરાંત કેટલાક સામાજીક પ્રશ્નો જેમ કે નિરક્ષરતા તથા બેરોજગારી દુર કરવા કોઇ આયોજન હાથ ધરવા જોઇએ. |
| પ્ર-5 | હવે કોઇ નાણાં ઉઘરાવવામાં આવતા નથી. |
| પ્ર-6 | કોઇ માહિતી નથી |

ઉપયોગકર્તા – 18 શ્રી તવટીયા ઠાકરભાઇ શંભુ (મકાન નં. 63)

| | |
|---|---|
| પ્ર-1 | હા શૌચાલયો અને ગટરલાઇના બાંધકામ બાદ અમારા ગામમાં સ્વચ્છતામાં વધારો થયો છે. અગાઉ ગામમાં ઠેર ઠેર ગંદકી અને કચરાના ઢગલા જમા થતા જેથી મચ્છરોનો ઉપદ્રવ રહેતો. પરંતુ હવે આ સમસ્યાનો અંત આવેલ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | ના, અને હવે અમે અન્ય મુદાઓ કે સમસ્યા માટે પણ એકસ્થ થઇને ઉકેલ શોધી વિકાસ સાધવા માંગીએ છીએ. |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |